ગુજરાત જાહેર સેવા આયોગ તથા અન્ય ભરતી સંસ્થાઓ દ્વારા યોજાતી અધિકારીઓ / કર્મચારીઓની ભરતી માટેની સ્પર્ધાત્મક, ખાતાકીય અથવા અન્ય પરીક્ષાઓ માટે સરકારના અનુદાનથી ચાલતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મકાન ઉપલબ્ધ કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાક: બમશ-૧૩૧૮-૯૨-ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૩ /૦૨/૨૦૧૮

**વંચાણે લીધા :**

(૧) સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરનો તારીખ: ૦૪/૧૨/૨૦૧૭નો પત્ર ક્રમાંક: પરચ/ ૧૦૧૭/૦૧/પરીક્ષા સંચાલન

(૨) શિક્ષણ અને શ્રમ વિભાગના તા. ૧/૧/૧૯૭૨ના ઠરાવ ક્રમાંક: SSN-3471-90703-G

**પ્રસ્તાવના :-**

સરકારી તંત્રને ગતિશીલ રાખવા માટે જરૂરી ગુણવત્તા સભર અધિકારીઓ અને કર્મચારીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા પ્રાપ્ત થાય છે. આ અધિકારીઓ/કર્મચારીઓ સરકારની જુદી જુદી ભરતી સંસ્થાઓ દ્વારા યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તિર્ણ થઇને સરકારમાં પોતાનું યોગદાન આપે છે.

સરકારની જુદી જુદી ભરતી સંસ્થાઓ દ્વારા યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓનો વ્યાપ વિશાળ હોવાથી માત્ર સરકારી શૈક્ષણિક સંસ્થાઓના મકાનમાં પરીક્ષાઓ યોજવી શક્ય બનતી નથી. આ કારણસર સરકારના અનુદાનથી ચાલતી શૈક્ષણિક સંસ્થાઓના તથા અન્ય ખાનગી સંસ્થાઓના મકાનોમાં પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે. પણ અનુભવે જણાયું છે કે આવી રાષ્ટ્રીય મહત્વની કામગીરીમાં સરકારના અનુદાનથી ચાલતી કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ તથા અન્ય ખાનગી સંસ્થાઓ દ્વારા જોઇએ તેવો સહકાર મળતો નથી. કેટલીક સંસ્થાઓનાં સંચાલક/આચાર્ય તેમની સંસ્થાના મકાનમાં આવી સ્પર્ધાત્મક પરીક્ષાઓના આયોજન માટે સંમતિ જ આપતાં નથી.

આ પરિસ્થિતીને ધ્યાને લઇ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તા. ૦૪/૧૨/૨૦૧૭ના સંદર્ભ (૧) હેઠળના પત્રથી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તેમજ રાજય સરકારના મંડળ/બોર્ડ/નિગમો દ્વારા યોજાતી સરકારની જુદા જુદા સંવર્ગો માટેની સીધી ભરતીની, બઢતી માટેની સ્પર્ધાત્મક, ખાતાકીય તથા અન્ય પરીક્ષાના આયોજન માટે માધ્યમિક શાળા/કોલેજના મકાનનો ઉપયોગ માટે આપવા સ્થાયી સુચના બહાર પાડવા અત્રે દરખાસ્ત કરવામાં આવી છે. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

***પરિપત્ર :-***

પુખ્ત વિચારણાના અંતે સંદર્ભ – (૨) હેઠળના તત્કાલિન શિક્ષણ અને શ્રમ વિભાગના તા. ૧/૧/૧૯૭૨ના ઠરાવથી આ અંગે આપવામાં આવેલ સૂચનાઓને ધ્યાને લઇ સરકારના અનુદાનથી ચાલતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મકાન જરૂરી ફર્નિચર અને અન્ય તમામ ઉપલબ્ધ સુવિધાઓ સાથે ગુજરાત જાહેર સેવા આયોગ તેમજ રાજય સરકારની અન્ય ભરતી સંસ્થાઓ દ્વારા યોજાતી સરકારની જુદા જુદા સંવર્ગો માટેની સીધી ભરતીની, બઢતી માટેની સ્પર્ધાત્મક, ખાતાકીય તથા અન્ય પરીક્ષાના આયોજન માટે આપવા તથા આવી પરીક્ષાઓમાં તમામ પ્રકારનો સહકાર આપવા આથી સૂચના આપવામાં આવે છે.

**આથી, હવે આવી ફરિયાદ મળ્યેથી આ સૂચનાઓનું પાલન ન કરનાર સંસ્થા સામે નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે.**

આ અંગેની ફરિયાદ/જાણ ભરતી સંસ્થાએ બારોબાર સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB) ની કચેરી, સેક્ટર -૧૦/બી. ગાંધીનગરને કરવાની રહેશે અને GSHSEB દ્વારા આ બાબતને અગ્રતા આપી તમામ કાર્યવાહી દિન-૧૫માં પૂરી કરવાની રહેશે.

આ સુચના વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર માન. મંત્રીશ્રીની તારીખ : ૦૯/૦૨/૨૦૧૮ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના નામે અને તેમના હુકમથી,

(મહેશ ભટ્ટ)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર*
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી શિક્ષણ ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, ૯/૧, ર્ડા. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, સેકટર-૧૦એ, ચ-૩, ગાંધીનગર. *
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા મંડળ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, લોકરક્ષક ભરતી બોર્ડ, સ્ટેટ કંટ્રોલરૂમ, આઇ. જી. વડોદરા- રેન્જ ઓફિસ, રૂમ નં. ૪૫, કોઠી બિલ્ડીંગ, રાવપુરા, વડોદરા. *
- અધ્યક્ષશ્રી, પી.એસ.આઇ. ભરતી બોર્ડ, રૂમ નં. ૧૦૧, પહેલો માળ, પ્રોટેક્ટ ધ સ્ટ્રેન્થ ઓફ ધી યુનિવર્સિટી ઓફિસ, ન્યુલી મેન્ટલ કોર્નર, મેઘાણી નગર, અમદાવાદ. *
- સચિવશ્રી, ગુજરાત પંચાયત પસંદગી મંડળ, કર્મયોગી ભવન, ગાંધીનગર. *
- શિક્ષણ વિભાગના સર્વે અધિકારીઓ.
- વિભાગની સર્વે શાખાઓ.
- સર્વે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફત)
- સરકારના અનુદાનથી ચાલતી સર્વે (Grant-in-Aid) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ( નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફત)
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ સૂચનાઓ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- શાખા સિલેકટ ફાઇલ.

* (પત્રથી)